Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**74**

# NEP 2020 સંદર્ભે: ઉચ્ચ શિક્ષણમાં પ્રાચીન અને ભવિષ્યનું એકીકરણ

પ્રસ્તુતકર્તા

**હુણ હીરા માંડાભાઈ (M.A., B.ed)**

Ph. D Scholar

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

મુ.: કોલીખડા, તા./જી: પોરબંદર

મોબાઈલ નંબર : 9726437555

**પ્રસ્તાવના:**

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણ એ રાજયની મૂળભૂત જરૂરિયાત છે. ગુણવતાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ માટે પ્રવેશ ઉપલબ્ધ કરાવવો, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ માટે ચાવીરૂપ છે. ઉચ્ચ ગુણવતાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંસાધનોનો ઉત્તમ વિકાસ અને સંવર્ધન કરવા માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસતિ હશે

અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યના નિર્ધારિત કરશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ બનાવવાની શરૂઆત MHRD દ્વારા 2016 થી થઈ જેમાં સમગ્ર ભારતમાંથી ઓનલાઈન સૂચનો મંગાવવામાં આવ્યા હતા. તેની શરૂઆત 27 મે 2016 ના રોજ ટી.એસ.આર. સુબ્રમણ્યમ સમિતિ દ્વારા થઈ છે.

**NEP 2020 દ્રષ્ટિકોણ:**

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ કલ્પના કરે છે એક ભારત કેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થા જે પ્રત્યક્ષ રીતે આપણા દેશને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપીને કાયમી ધોરણે એક ન્યાય સંગત અને ગતિશીલ જ્ઞાન સમાજમાં પરિવર્તિત કરે.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ સમગ્ર ભારતમાં એક સમાન શિક્ષણ માળખું હોય તેવો દ્રષ્ટિકોણ ધરાવે છે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એ 1986 પછીની 34 વર્ષ બાદની 21 મી સદીની પ્રથમ શિક્ષણનીતિ છે. જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 કહેવાશે.

NEP 2020 ની રચના માટે 2.5 લાખ ગ્રામ પંચાયતો, 6600 બ્લોક અને 676 જિલ્લાઓ પાસેથી સુચનો મંગાવવામાં આવ્યા હતા.

**NEP 2020 હેતુ:**

- નઈ શિક્ષા નીતિ કરે સાકાર જ્ઞાન, યોગ્યતા, રોજગાર
- સ્કીલ અને જ્ઞાનથી સજ્જ હશે.
- ભારત જ્ઞાનમાં સુપર પાવર બનશે.

- વિજ્ઞાન, શિક્ષણ, ઉદ્યોગોમાં માનવ સંશાધનની અછત દૂર કરવી.

**NEP 2020 ના પાંચ પાયાના સ્તંભો:**

1) ACCESS (જોડાણ)
2) EQUALITY (સમાનતા)
3) QUALITY (ગુણવત્તા)
4) AVAILABILITY (ઉપલબ્ધતા)
5) ACCOUNTABILITY (જવાબદેહીતા)

ઉપરોક્ત પાંચ પિલર પર નવી શિક્ષણનીતિ શિક્ષણ પર ઈમારત બનાવશે. જે શિક્ષકો માટે, વાલીઓ માટે, વિદ્યાર્થીઓએ માટે અને પરીક્ષાર્થીઓ માટે તેને જાણવી ખૂબ જરૂરી બને છે.

**નવી શિક્ષણનીતિની મુખ્ય બાબતો :**

- પ્રિ-સ્કૂલથી માધ્યમિક સુધી 100% GER સાથે શિક્ષણનું સાર્વત્રિકરણ.
- NEP 2020 અંતર્ગત શાળા છોડનારા 2 કરોડ બાળકોને મુખ્ય પ્રવાહમાં પાછા લાવવામાં આવશે.
- શાળાકીય અભ્યાસને પ્રિ-સ્કૂલ સાથે જોડી નવી શિક્ષણની તરેહ 5+3+3+4 નું આયોજન
- ધોરણ: 6 થી રોજગારલક્ષી શિક્ષણ આપવામાં આવશે.
- પ્રારંભિક અભ્યાસ માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં બાલમંદિરથી ધોરણ: 5 સુધીનું હશે. સર્વાંગીણ પ્રગતિ પત્રક દ્વારા સમગ્રલક્ષી મૂલ્યાંકન થશે.

- ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રમાં હાલમાં કુલ 26% GER જે 2035 સુધીમાં 50% સુધી લઈ જવાશે.
- ઉચ્ચ અભ્યાસ અન્વયે વિષયો પસંદ કરવા માટે વધુ છૂટછાટ આપવામાં આવશે.
- ક્રેડિટ ટ્રાન્સફરન્સની સુવિધા- એકેડેમિક બૅન્ક ઓફ ક્રેડિટની સ્થાપના
- MHRD મંત્રાલય હવેથી શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાશે
- ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે CCC (Common Entrance Exam)
- સ્નાતક અભ્યાસક્રમ 4 વર્ષનો કરવામાં આવશે. જેમાં મલ્ટિપલ એન્ટ્રી એક્ઝિટની સુવિધા 2030 સુધીમાં અમલી થશે.
- કોલેજોનું એફીલેશન 15 વર્ષમાં સમાપ્ત થશે અને કોલેજો સ્વાયત બનશે.
- ખાનગી અને સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એક સમાન નિયમો રહેશે.

**નવી શિક્ષણનીતિ 2020 લક્ષ્ય :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એકવીસમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે કે, જેનું લક્ષ્ય આપણાં દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવાનું છે. આ નીતિ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના બધા જ પાસાઓ, નિયમન અને શાસકીય પાસાઓ સહિતના, સુધાર અને તેની પુન:રચના દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો આધારિત, એ 21 મી સદીના શિક્ષણને લગતા ધ્યેયોને અનુરૂપ સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) (SDG-4) માટે એક નવી શિક્ષણનીતિનું સર્જન કરવાનો પ્રસ્તાવ રજૂ કરે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રત્યેક વ્યક્તિમાં સમાવિષ્ટ સર્જનાત્મક ક્ષમતાઓના વિકાસ પર વિશેષ ભાર આપે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ સિધ્ધાંતો પર આધારિત છે કે જેમાં શિક્ષણથી માત્ર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું જ નહી પણ સાથે સાથે ઉચ્ચસ્તરીય તાર્કિક અને સમસ્યા સમાધાન સંબંધી બોધાત્મક ક્ષમતાઓનો પણ વિકાસ થવો જોઈએ. એટલું જ નહિ, પરંતુ તેની સાથે સાથે નૈતિક, સામાજિક અને સાંવેગિક સ્તર પર પણ વ્યક્તિનો વિકાસ આવશ્યક છે.

**નવી શિક્ષણનીતિ 2020 અને ઉચ્ચ શિક્ષણમાં પ્રાચીન અને ભવિષ્યનું એકીકરણ:**

પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃદ્ધ પરંપરાના માર્ગદર્શનના આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે. જ્ઞાન, પ્રજ્ઞા અને સત્યને ભારતીય વિચાર પરંપરા અને ફિલસૂફીમાં સદાય સર્વોચ્ચ માનવલક્ષ્ય માનવામાં આવતું હતું. પ્રાચીન ભારતમાં શિક્ષણનું લક્ષ્ય સાંસારિક જીવન અથવા શાળા બાદના જીવનની તૈયારી માટે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું જ નહીં, પરંતુ સંપૂર્ણ આત્મજ્ઞાન અને મુક્તિના રૂપમાં માનવામાં આવતું હતું.

તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને વલ્લભી જેવા પ્રાચીન ભારતના વૈશ્વિક કક્ષાના સંસ્થાનોમાં અધ્યાયનના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને શોધના ઊંચા માનદંડો પ્રસ્થાપિત કરવામાં આવેલા. આ જ શિક્ષણ વ્યવસ્થાએ ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, ચાણક્ય, ચક્રપાણિ, દત્તા, માધવ, પાણિની, પતંજલિ, નાગાર્જુન, ગૌતમ, પિંગળા, શંકરદેવ, મૈત્રેયી, ગાર્ગી અને થિરૂવલ્લુવર જેવા અનેક મહાન વિદ્વાનોને જન્મ આપ્યો છે. આ વિદ્વાનોનું વૈશ્વિક કક્ષાએ જ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવા કે ગણિત, ખગોળવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન અને શલ્યચિકિત્સા,

બાંધકામ, ઈજનેરી, સ્થાપત્ય, જહાજ નિર્માણ અને દિશાજ્ઞાન, યોગ, લલીતકલા, સતરંજ વગેરેમાં સંરચનાત્મક યોગદાન છે.

ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો વિશ્વમાં ઘણો પ્રભાવ રહ્યો છે. વૈશ્વિક મહત્વ ધરાવતા આવા સમૃદ્ધ વારસાને ભાવિ પેઢીઓ માટે માત્ર જાણવણી કે સંરક્ષિત ન કરતાં આપણી શિક્ષણ વ્યવસ્થા દ્વારા તેના ઉપર સંશોધનકાર્ય થવા જોઈએ, તેમજ તેને વધુને વધુ સમૃદ્ધ કરવી જોઈએ અને તેના અધ્યતન ઉપયોગો વિશે પણ વિચારવું જોઈએ.

શિક્ષણ વ્યવસ્થામાં થઈ રહેલ મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં આવશ્યકપણે શિક્ષક જ હોવો જોઈએ. શિક્ષણની નવી નીતિ નિશ્ચિતપણે પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનપાત્ર અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપન કરવામાં મદદ કરશે.

નવી શિક્ષણ નીતિમાં તમામ વિદ્યાર્થીઓ માટે, તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી જરૂરી છે.

**ગુણવત્તાયુક્ત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો: ભારતીય ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાપન માટે એક નવો ભવિષ્યોન્મુખ દૃષ્ટિકોણ**

માનવીય અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવા તથા ભારતના બંધારણમાં કરેલી કલ્પનાનું ભારત કે જે લોકશાહી, ન્યાયી, સામાજિક રીતે સભાન, સંસ્કારી અને માનવ રાસ્ટ્ર હોય કે જ્યાં સ્વાતંત્ર્ય, સભાનતા, બંધુત્વ અને સૌને માટે સમાન ન્યાય હોય તેવા ભારતના વિકાસમાં ઉચ્ચ શિક્ષણ અત્યંત મહત્વની ભૂમિકા નિભાવે છે.

ઉચ્ચ શિક્ષણ રાષ્ટ્રની સાતત્યપૂર્ણ આજીવિકા અને આર્થિક ક્ષેત્રના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે. જેમ જેમ ભારત જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા અને સમાજ બનવા તરફ આગળ વધે છે, તેમ તેમ વધુને વધુ ભારતીય યુવાનો ઉચ્ચ શિક્ષણની આશા રાખે છે.

૨૧ મી સદીની આવશ્યકતાઓને જોતાં, ગુણવતાયુક્ત ઉચ્ચ શિક્ષણનો મુખ્ય હેતુ સારા, વિચારશીલ, પૂર્ણ વિકસિત અને સર્જનાત્મક વ્યક્તિઓના વિકાસનો હોવો જોઈએ. તે વ્યક્તિને એક અથવા એકથી વધુ ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા સક્ષમ બનાવે તેવું હોવું જોઈએ અને સાથે ચારિત્રિય નૈતિક અને બંધારણીય મૂલ્યો, બૌધિક જિજ્ઞાસા, વૈજ્ઞાનિક પ્રકૃતિ, સર્જનાત્મકતા, સેવાની ભાવના અને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કળા માનવવિદ્યાશાખા, ભાષા, વ્યાવસાયિક, તકનીકી અને ધંધાદારી વિષયો સહિત વિભિન્ન વિષયોમાં ૨૧મી સદીની ક્ષમતાઓને વિકસાવતું હોવું જોઈએ. ગુણવતાસભર ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા દ્વારા વ્યક્તિગત સિદ્ધિ અને જ્ઞાન, રચનાત્મક લોકભાગીદારી અને સમાજમાં ઉત્પાદન યોગદાન માટે સક્ષમ કરવું જોઈએ. તેણે વિદ્યાર્થીઓને વધુ સાર્થક અને સંતોષકારક જીવન, કાર્યક્ષેત્રની ભૂમિકા અને આર્થિક સ્વતંત્રતા માટે સક્ષમ કરવા જોઈએ.

વ્યક્તિઓના સર્વાંગીણ વિકાસના હેતુ માટે, પૂર્વ શાળા શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે નિશ્ચિત કરાયેલ કૌશલ્યો અને મૂલ્યોનો સમાવેશ કરવામાં આવે તે જરૂરી છે.

સામાજિક સ્તરે, ઉચ્ચ શિક્ષણનો ઉદેશ્ય રાષ્ટ્રને પ્રબુદ્ધ, સામાજિક રીતે જાગૃત, જ્ઞાની અને કૌશલ્યસભર બનાવવાનો છે, જે પોતાના નાગરિકોનું ઉત્થાન કરી શકે અને પોતાની સમસ્યાઓના સમજણપૂર્વકના સમાધાનો શોધી તેને ઉપયોગમાં લઈ શકે. ઉચ્ચ શિક્ષણ જ્ઞાન નિર્માણ અને નવાચારનો આધાર પણ બને છે. અને તેના લીધે રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ

ભૂમિકા નિભાવે છે. આથી ગુણવતાયુક્ત ઉચ્ચ શિક્ષણનો ઉદેશ્ય વ્યક્તિગત રોજગારની તકોના નિર્માણ સીમિત નથી તે આર્થીક જીવંત અને સામાજિક રૂપથી જોડાયેલ સરકારી સમુદાયો સાથે મળીને એક વધુ આનંદિત સામંજસ્યસંપૂર્ણ, સુસંસ્કૃત, ઉત્પાદક, નવીન, પ્રગતિશીલ અને સમૃદ્ધ રાષ્ટ્ર માટે ચાવીરૂપ છે.